ઉ.અ.નં. ૨૪૨૭
તા ૨/૦૧/૨૫

## -::પ્રેસનોટ::-

આથી ભાવનગર મહાનગરપાલિકા અખબારી યાદી દવારા જણાવવામાં આવે છે કે, અત્રે આરોગ્ય વિભાગ હસ્તકના જન્મ-મરણ વિભાગ ખાતે આધાર કાર્ડ, આપાર આઈ.ડી., રેશન કાર્ડમાં ઈ-કે.વાય.સી. પ્રમાણે જન્મના દાખલામાં સુધારા-વધારા કરાવવા માટે અરજદારોની ભીડ વધુ રહેતી હોય, આથી લોકો વધુને વધુ સૃદઢ સેવાઓ મેળવી શકે તે હેતુસર તા.૧૮/૧૨/૨૪ ના રોજ થી વધુ એક કાઉન્ટર શરૂ કરવામાં આવેલ છે,

હાલમાં લોકોના કામ ઝડપથી થઈ રહયા છે, હાલમાં દરરોજના જન્મના દાખલામાં સુધારા-વધારાની રોજની અંદાજીત અરજી કુલ-૮૦, દાખલામાં આખા નામ કરવાની અંદાજીત અરજી કુલ-૧૪૦ થી ૧૬૦ ,મરણની અંદાજીત અરજી-૧૫૦, જુના વર્ષમાં મરણની અંદાજીત અરજી ૪૦ ,જુના વર્ષ જન્મ પ્રમાણપત્રની ૪૦ અંદાજીત અરજી, નવા વર્ષની જન્મ માટે ૪૦ , નવા વર્ષની ઓનલાઈન રજીસ્ટર ફોર્મ કુલ-૬૦ આવે છે,આમ દિવસ દરમ્યાન વધુને વધુ કામગીરીનો નિકાલ કરી લોકો ઝડપથી સેવા મેળવે શકે તે માટે આરોગ્ય વિભાગ ખાતે ના જન્મ-મરણ વિભાગના કર્મચારી પુરતો પ્રયાસ કરી રહયા છે તેમજ પુર્વ તથા પશ્ચિમ ઝોનલ ઓફીસમાં પણ આ પ્રકારની સેવાઓ માટે કર્મચારી કામગીરી કરી રહયા છે.તમામ અરજદારોને પણ પુરતો સહયોગ આપવા માન.મેયર શ્રી તથા માન.કમિશ્નરશ્રી એ અનુરોધ કરેલ છે.

મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
મહાનગર પાલિકા
ભાવનગર

પ્રતિશ્રી,
તંત્રીશ્રી,
_______________
ભાવનગર.

ઉપરોકત પ્રેસનોટ વિના મુલ્યે સમાચાર તરીકે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

જનસંપર્ક અધિકારી
મહાનગર પાલિકા
ભાવનગર